1 વૈષ્ણવજન



નરસિંહ મહેતા

(સમયઃ ઈ.સ. પંદરમી સદી)

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો. તેમની કર્મભૂમિ જૂનાગઢ હતી. તેમના જીવન વિશે આધારભૂત વિગતો મળતી નથી. તેઓ 'આદિકવિ' તરીકે જાણીતા છે. તેઓ ઉત્તમ ઊર્મિકવિ છે. તેમની 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'મામેરું', 'શ્રાદ્ધ' જેવી ચરિત્રાત્મક કાવ્યરચનાઓ છે. એમનાં પદ 'પ્રભાતિયાં' તરીકે જાણીતાં છે. 'ચાતુરીઓ', 'હિંડોળાનાં પદ', 'વસંતનાં પદ', 'કૃષ્ણલીલાનાં પદ' વગેરે તેમની રચનાઓ છે. એમનાં પદોમાં ઉપનિષદ્‌વાણીનું ભાષાબળ છે.

ભક્તકવિ નરસિંહ મહેતાનાં અનેક પદો સદીઓથી ગુજરાતની પ્રજાના હૈયે અને હોઠે વસેલાં છે. 'વૈષ્ણવજન' પદ ગાંધીજીને અતિ પ્રિય હતું. એ કારણે ગુજરાત બહાર ભારત અને વિશ્વમાં પણ આ પદ જાણીતું થયું છે. આ પદમાં વૈષ્ણવજન એટલે કે સાદી ભાષામાં જેને ભગવાનનો માણસ અથવા સજ્જન કહીએ છીએ, એનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. જે બીજાનું દુઃખ જાણે, કોઈની પર ઉપકાર કરે છતાં મનમાં અભિમાન ન રાખે, બધાંને માન આપે, કોઈની નિંદા ન કરે, મન-વચન-કર્મથી શુદ્ધ હોય, બધાં તરફ સમભાવ રાખનાર હોય, પરસ્ત્રીને માતાની દૃષ્ટિથી જુએ, અસત્ય વચન ન બોલે, બીજાના ધનને હાથ પણ ન અડાડે, મોહ-માયા ત્યાગી દીધાં હોય અને મનમાં વૈરાગ્ય ધારણ કર્યો હોય, લોભ-કપટ-કામ-ક્રોધરહિત હોય તે ખરો સજ્જન છે. એવા માણસના દર્શનથી આપણી ઈકોતેર પેઢી તરી જાય.

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે.

('નરસિંહ મહેતાનાં શ્રેષ્ઠ પદ'માંથી)

શબ્દ-સમજૂતી

શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

જન-માણસ, વ્યક્તિ; **સકળ**-બધું, સઘળું; **પીડ**-પીડા, દુઃખ; **પરાયું**-બીજાનું, પારકું; **તૃષ્ણા**- લાલસા, ઇચ્છા; **જનની**-જન્મ આપનારી માતા, જનેતા; **જિહ્વા**-જીભ, (અહીં) વાણી; **તન**-શરીર, દેહ; **વણલોભી**-લોભ વિનાનું

તળપદા શબ્દો

આણે-લાવે; **વાચ**-વાણી; **કાછ**-કાછડી, (અહીં) ચારિત્ર્ય; **ધન**-ધન્ય, ભાગ્યશાળી; **નવ**-ના, નહીં **ભણે**-કહે,બોલે; **ઝાલે**-પકડે, લે; **કેની**-કોઈની

વિરુદ્ધાર્થી શબ્દો

ઉપકાર×અપકાર; **અસત્ય**×સત્ય; **વણલોભી**×લોભી; **અભિમાન**×નિરભિમાન

રૂઢિપ્રયોગ

તાળી લાગવી એકતાન થવું

શબ્દસમૂહ માટે એક શબ્દ

લોભ વગરનું વણલોભી; **સમાનદૃષ્ટિ રાખનાર** સમદૃષ્ટિ

સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :

(1) નીચેનામાંથી કઈ બાબત વૈષ્ણવજનને લાગુ પડતી નથી ?

(A) બીજાના દુઃખને સમજી શકે છે.
(B) નિરભિમાની હોય છે.
(C) અભિમાની હોય છે.
(D) કોઈની પણ નિંદા કરતા નથી.

(2) વાચ, કાછ, મન નિર્મળ રાખે એટલે...

(A) વાણી, ચારિત્ર્ય અને મનને કપટથી દૂર રાખે
(B) વાણી, કાયા અને મનને કપટી બનાવે
(C) વાણી, ચારિત્ર્ય અને મનને સ્થિર રાખે
(D) વાણી, કાયા અને મનને ચંચળ રાખે

2. એક - એક વાક્યમાં ઉત્તર આપો :

(1) ''સકળ તીરથ તેના તનમાં રે'' - પંક્તિનો અર્થ જણાવો.

(2) મોહમાયા કોને સ્પર્શી શકતાં નથી ?

3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ લીટીમાં જવાબ આપો :

(1) કોનાં દર્શન કરવાથી એકોતેર પેઢી તરી જાય છે ?

(2) પરસ્ત્રી જેને માત રે - પંક્તિ સમજાવો.

4. નીચેના પ્રશ્નોના સાત - આઠ લીટીમાં જવાબ આપો :

(1) નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયાં - કયાં લક્ષણો જણાવે છે ? તમારા શબ્દોમાં વર્ણવો.

5. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :

''વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે,''

ભાષા-અભિવ્યક્તિ

- કવિએ આ કાવ્યમાં જાણે, માણે, કેની, તેની, મનમાં, તનમાં, નિવાર્યાં, તાર્યાં જેવા પરિચિત શબ્દોથી અંત્યાનુપ્રાસ રચ્યો છે. તેની સાથે 'રે'નો વિનિયોગ કાવ્ય પંક્તિઓમાં લયનો હિલ્લોળ મૂકી દે છે. લયને કારણે કાવ્ય વધુ અસરકારક બન્યું છે.
- કવિએ વૈષ્ણવજન કેવા હોય ? - એ બાબત સમજાવતાં કહ્યું છે 'મન અભિમાન ન આણે', 'પરધન નવ ઝાલે હાથ', 'મોહમાયા વ્યાપે નહિ' અહીં નકાર માટેની ત્રણ વિવિધતા ન, નવ, નહિ - થી દર્શાવાઈ છે જે તમે નોંધ્યું હશે.
- અંતિમ પંક્તિઓમાં નકાર સૂચવવા 'વણ' અને 'રહિત' શબ્દોનો પ્રયોગ થયો છે.

વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- પ્રાર્થનાસભામાં 'પ્રભાતિયાં ગાન'નો કાર્યક્રમ રાખો.

  - વૈષ્ણવજન પદ કંઠસ્થ કરો.

- પ્રવાસ આયોજનમાં જૂનાગઢ, તળાજા, ગોપનાથની મુલાકાત ગોઠવો અને નરસિંહ મહેતાના જીવન સાથે સંકળાયેલી બાબતોની વિશેષતા સમજો.
- નરસિંહ મહેતાનાં પદોની ઓડિયો - વીડિયો સીડી મેળવીને કે યુ-ટ્યૂબ જેવા માધ્યમનો ઉપયોગ કરી વર્ગખંડમાં તે સાંભળવાનું ગોઠવો.

શિક્ષકની ભૂમિકા

વૈષ્ણવજન એટલે હરિનો માણસ (ભક્ત) કેવો હોય તેનાં લક્ષણો નરસિંહ મહેતાએ આ ભજનમાં દર્શાવ્યાં છે. વિદ્યાર્થીઓમાં આવા વૈષ્ણવજનના ગુણોનો આવિર્ભાવ થાય તે માટે શિક્ષકે સ્વયં આચરણ કરી વિદ્યાર્થીઓને આદર્શ પૂરો પાડવો.

દયારામનું 'વૈષ્ણવ નથી થયો તું રે' પદ મેળવી બંને કાવ્યોનો તુલનાત્મક પદ્ધતિથી રસાસ્વાદ કરાવી શકાય.

●